RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે દૈનિક

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૩ ● અંક: ૨૫૯● તારીખ: ૨૨-૧૨-૨૦૨૪,રવિવાર● પાના : ૪ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://abdailynews.com

# રશિયાના કઝાનમાં ૯/૧૧ જેવો હુમલો

રશિયાના કઝાન શહેરમાં શનિવારે સવારે અમેરિકાના ૯/૧૧ જેવો હુમલો થયો હતો. ન્યૂઝ એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર, કઝાનમાં ૮ ડ્રોન હુમલા થયા હતા, જેમાંથી ૬ રહેણાક ઈમારત પર થયા હતા. આ હુમલો મોસ્કોથી ૮૦૦ કિલોમીટર દૂર થયો હતો. હજુ સુધી હુમલામાં કોઈના માર્યા ગયા હોવાના સમાચાર નથી.હુમલાના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે, જેમાં ઘણાં ડ્રોન ઈમારતો સાથે અથડાતાં દેખાય છે. આ હુમલા બાદ રશિયાનાં બે એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યાં છે.રશિયાના કઝાન શહેર પરના આ હુમલાની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે, કારણ કે આ જ વર્ષે ૨૦૨૪માં રશિયાના આ શહેરમાં બ્રિક્સ સંમેલન યોજાયું હતું.૨૦૦૧માં આતંકવાદીઓએ આવી જ રીતે ૪ પ્લેન હાઈજેક કરીને અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો કર્યો હતો. એમાંથી ૩ પ્લેન એક પછી એક અમેરિકાની ૩ મહત્ત્વની ઈમારતો પર તૂટી પડ્યાં હતાં. પ્રથમ ક્રેશ રાત્રે ૮:૪૫ વાગ્યે થયો હતો. બોઈંગ ૭૬૭ વર્લ્ડ ટ્રેડ સેન્ટરના નોર્થ ટાવર સાથે અથડાયું હતું. ૧૮ મિનિટ પછી બીજું બોઈંગ ૭૬૭ બિલ્ડિંગના સાઉથ ટાવર સાથે અથડાયું હતું.૪ મહિના પહેલાં રશિયા પર પણ આવી જ રીતે હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેન રશિયાના સારાતોવ શહેરમાં ૩૮ માળની રહેણાક ઈમારત વોલ્ગા સ્કાયને નિશાન બનાવી હતી. રશિયાનું અહીં સ્ટ્રેટેજિક બોમ્બર મિલિટરી બેઝ પણ છે. હુમલામાં ૪ લોકો ઘાયલ થયા હતા. એ બાદ રશિયાએ યુક્રેન પર ૧૦૦ મિસાઈલ અને ૧૦૦ ડ્રોન ફાયર કરીને જવાબી કાર્યવાહી કરી હતી, જેમાં ૬ લોકોનાં મોત થયાં હતાં અને ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.માત્ર બે દિવસ પહેલાં જ રશિયન રાષ્ટ્રપતિ પુતિને કહ્યું હતું કે તેઓ યુક્રેન યુદ્ધ રોકવા માટે તૈયાર છે. આ માટે તેઓ ટ્રમ્પ સાથે વાત કરવા તૈયાર છે. પુતિને કહ્યું હતું કે તેમની વચ્ચે ચાર વર્ષથી વધુ સમયથી કોઈ વાતચીત થઈ નથી, પરંતુ જો ટ્રમ્પ ઈચ્છે તો તેઓ તેમને મળવા તૈયાર છે.

કઝાન શહેર પર થયેલા આ હુમલાની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે, કારણ કે આ જ વર્ષે ૨૦૨૪માં રશિયાના આ શહેરમાં બ્રિક્સ સંમેલન યોજાયું હતું. આ વખતે, કઝાનમાં આયોજિત ૧૬મી બ્રિક્સ સંમેલનમાં પ્રથમ વખત સંયુક્ત આરબ અમીરાત, ઈરાન, ઈજિપ્ત અને ઈથોપિયાને સભ્ય તરીકે સામેલ કરવામાં આવ્યા હતા. આ હુમલાને અમેરિકામાં ૯/૧૧ (વર્લ્ડ ટ્રેડ સેન્ટર) હુમલા જેવો જ ગણાવવામાં આવી રહ્યો છે.

## પંજાબના પઠાણકોટમાં તાપમાન ૧.૭ ડિગ્રી:ગુલમર્ગમાં હિમવર્ષા, શ્રીનગરમાં પારો -૭ ડિગ્રીએ પહોંચ્યો; યુપીમાં કાનપુર સૌથી ઠંડુ



મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ઠંડીમાં ઘટાડો થયો છે, પરંતુ દેશના ઉત્તરીય રાજ્યોમાં તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. પંજાબના ૯ જિલ્લામાં આજે કોલ્ડવેવનું યલો એલર્ટ છે. તેમજ, પઠાણકોટમાં તાપમાન ૧.૭ ડિગ્રી પહોંચી ગયું છે.બીજી તરફ ઉત્તરપ્રદેશના અનેક જિલ્લાઓમાં કોલ્ડવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. રાજ્યમાં કાનપુરમાં સૌથી વધુ ઠંડી પડી રહી છે. અહીં તાપમાન ૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.શુક્રવારે હવામાન વિભાગે રાજસ્થાન, બિહાર, ઝારખંડ સહિત ૧૨ રાજ્યોમાં કોલ્ડવેવ એલર્ટ જાહેર કર્યું છે. કચ્છમાં કોલ્ડવેવની વધુ અસર થશે.જમ્મુ-કાશ્મીરમાં આજથી ચિલ્લાઈ કલાં શરૂ થઈ રહ્યું છે. ચિલ્લાઈ એ ફારસી શબ્દ છે, હિન્દીમાં તેનો અર્થ ‘ખૂબ જ ઠંડી‘ થાય છે. હવે આગામી ૪૦ દિવસમાં અહીં વધુ હિમવર્ષા થશે. શ્રીનગરમાં તાપમાન -૭ ડિગ્રીએ પહોંચી ગયું છે.

## શહેરમાં પતંગના વેચાણ માટે ૪ સેક્ટરોમાં ૧૩૫ પ્લોટ ફાળવાશે



આગામી ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને સીઝનલ વેપારીઓ ગાંધીનગરમાં પતંગ-દોરીનો વેપાર કરી શકે તે માટે જિલ્લા તંત્ર દ્વારા શહેરમાં આવેલા ખુલ્લા પ્લોટ ભાડેથી આપવામાં આવશે. જે મુજબ શહેરના કુલ ૪ સેક્ટરોમાં ૧૩૫ જેટલા પ્લોટ પતંગ- દોરીના વેચાણ માટે વેપારીઓને ફાળવવામાં આવશે. જોકે, આ માટે તેમણે ફાયર ઓફિસરનું પ્રમાણપત્ર લેવાનું અને ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલા સેક્ટરોના ખુલ્લા પ્લોટની ફાળવણીની પ્રક્રિયા જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા હાથ ધરવામાં આવી છે. જે મુજબ સેક્ટર-૬ ખાતે ૩૧ પ્લોટ, સેક્ટર-૧૧ ખાતે ૩૨ પ્લોટ, સેક્ટર-૨૧ ખાતે ૩૧ પ્લોટ અને સેક્ટર-૨૨ ખાતે ૪૧ જેટલા પ્લોટને હંગામી ધોરણે ફાળવવામાં આવશે. આ માટે પતંગના વેપારીઓ પ્લોટ મેળવવા કલેક્ટર કચેરીમાં અરજી કરી શકશે. જેમાં તેઓ ક્યા સેક્ટરમાં પ્લોટ મેળવવા ઈચ્છે છે તે દર્શાવવું પડશે. વેપારીઓ કોઈપણ એક સેક્ટરમાં જ પ્લોટ મેળવવાની અરજી કરી શકશે. એકથી વધુ સેક્ટરમાં પ્લોટ માટે અરજી કરવાનું માલૂમ પડશે તો અરજી રદ થશે. પ્લોટ ઉપર સ્ટોલની વ્યવસ્થા, લાઈટની વ્યવસ્થા, ફાયર સેફટીના સાધનોની વ્યવસ્થા વેપારીએ જાતે કરવાની રહેશે. મંજુરીની શરતો પ્રમાણે આગ/અકસ્માત માટેની સાવચેતીના પગલાં માંગણીદારે લેવાના રહેશે. આમ છતાં કોઈ દુર્ઘટના બનશે તો તેની જવાબદારી અરજદારની રહેશે. જરૂર જણાયે મંજુરી માટે અરજી કરનારે વિમો લેવાનો રહેશે. અરજદાર કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી તેવું પ્રમાણપત્ર તેના રહેણાંકના નજીકના પોલીસ સ્ટેશનમાંથી મેળવી અરજીપત્રક સાથે રજુ કરવાનું રહેશે.ફાયર ઓફિસરનો અભિપ્રાય મેળવ્યા બાદ જ પતંગ-દોરીનું વેચાણ શરૂ કરી શકાશે. કોઈ પણ પ્રતિબંધીત ચીજવસ્તુઓનું વેચાણ અથવા તેનો સ્ટોક રાખી શકશે નહીં જો આ પ્રકારની પ્રવૃત્તિ જણાશે તો તે વેપારી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## દહેજ વિરોધી કાયદો મહિલાઓની ભલાઈ માટે છે પતિ પાસેથી વસૂલાત કરવા, ધમકાવવા માટે નથી



બીજાં લગ્ન કરનારાં યુગલના છૂટાછેડાને માન્ય રાખવાનો આદેશ કરતાં સર્વોચ્ચ અદાલતે લગ્નસંસ્થા અને દહેજ વિરોધી કાયદાના દુરુપયોગ અંગે ટિપ્પણી કરતાં કહ્યું હતું કે લગ્ન સંસ્થા એ હિન્દુઓની પવિત્ર પ્રથા છે, કોમર્શિયલ વેન્ચર નથી. દહેજ વિરોધી કાયદો પતિ પાસેથી નાણાં વસૂલાત કરવા કે ધમકાવવા માટે નહીં પણ મહિલાઓની ભલાઈ માટે બનાવાયો છે. ન્યાયમૂર્તિ બી. વી. નાગરત્ના અને ન્યાયમૂર્તિ એન. કોટિશ્વર સિંહની પીઠે કહ્યું હતું કે મહિલાઓના હાથમાં કાયદાની કડક જોગવાઈ તેમના કલ્યાણ માટે છે, એ વાતે મહિલાઓએ સાવચેત રહેવાની જરૂર છે.અમેરિકન નાગરિક અને ત્યાંની આઈટી કન્સલ્ટન્સી સર્વિસમાં બિઝનેસ કરતા યુવકનાં ૨૦૨૧માં બીજાં લગ્ન થયાં હતાં. એ મહિલાનાં પણ બીજાં લગ્ન હતાં પણ બંને વચ્ચે મતભેદ થતાં પત્નીએ પતિ સામે તો ઠીક પણ તેના ૮૦ વર્ષના સસરા સામે પણ દુષ્કર્મ અને અકુદરતી જાતીય સંબંધની ફરિયાદ નોંધાવી હતી. પત્નીએ પતિના છૂટાછેડાની અરજીનો વિરોધ કર્યો હતો પણ ભરણ પોષણ પેટે જંગી રકમ માગી હતી. પત્નીની દલીલ હતી કે પતિની કુલ સંપત્તિ ૫૦,૦૦ કરોડ રૂપિયા છે. તેને અમેરિકા અને ભારતમાં અનેક વ્યવસાય અને સંપત્તિઓ છે. તેણે પહેલી પત્નીને ૫૦૦ કરોડ રૂપિયા અને વર્જિનિયાનું એક ઘર આપ્યું હતું એટલે તે પણ આવા જ વળતરને હક્કદાર છેઆ સામે વડી અદાલતે કહ્યું કે વિવિધ પાસાંને ધ્યાનમાં રાખીને ભરણ પોષણ નક્કી થાય છે. પતિએ પહેલી પત્નીને સ્થાયી વળતર તરીકે કેટલી રકમ ચૂકવી કે તેની આવકને આધારે રકમ નક્કી ન કરી શકાય. બંને ચાર મહિના પણ સાથે રહ્યાં નહોતાં અને બંને વચ્ચે સંપ થવાની કોઈ જ શક્યતા ન જણાતા કોર્ટે છૂટાછેડા મંજૂર કર્યા છે. સુપ્રીમકોર્ટે ચુકાદામાં કહ્યું હતું કે કેટલાક કિસ્સામાં પતિ અને તેના પરિવાર પાસે પોતાની માગણીઓ પૂરી કરાવવા માટે સાધન તરીકે પત્ની અને તેનો પરિવાર ગંભીર ગુના સાથે ક્રિમિનલ ફરિયાદનો ઉપયોગ કરે છે. જસ્ટિસ નાગરત્ના વતીથી અપાયેલા ચુકાદામાં કહેવાયું છે કે કોઈ ખાસ કેસમાં પોલીસ કાર્યવાહી કરવા ઉતાવળી થઈ જતી હોય છે.

## પાટનગરમાં કડકડતી ઠંડીનો અહેસાસ:ગાંધીનગરમાં સવારે ઠંડા પવનનોની લહેર વચ્ચે ૧૩.૩ ડિગ્રી તાપમાન નોંધાયું



સમગ્ર રાજયમાં હાલ શિયાળાની મોસમ જામી છે, લોકો ઠંડીનો ચમકારો અનુભવી રહ્યા છે. ત્યારે વાતાવરણમાં થયેલા ફેરબદલના પગલે ઠંડીનું જોર પણ વધી રહ્યું હોય તે પ્રકારે તાપમાનના પારામાં વધઘટ નોંધાઈ રહી છે. આ વાતાવરણની અસર રાજ્યના પાટનગર ઉપર પણ અનુભવવા મળી હોય તે પ્રકારે છેલ્લા બે દિવસથી સવારના સમયે લઘુતમ તાપમાનનો પારો ૧૩ ડીગ્રી આવીને અટક્યો છે.સમગ્ર રાજયમાં શિયાળાની મોસમ જામી હોય તે પ્રકારે ડિસેમ્બર માસના અંતિમ સપ્તાહમાં લોકોને ઠંડી અનુભવવા મળી રહી છે. આમ તો ઘણા દિવસથી વાતાવરણમાં થયેલા ફેર બદલના પગલે ઠંડીનું પ્રમાણ ધીમે ધીમે તીવ્ર થઈ રહ્યું હોય તે પ્રકારે તાપમાનના પારામાં ઘટાડો નોંધાઈ રહ્યો છે.આ વાતાવરણની અસર રાજ્યના પાટનગર ઉપર પણ અનુભવવા મળી હોય તે પ્રકારે ઘણા દિવસથી સવારના સમયે નગરજનોને ઠંડીના ચમકારાનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે શનિવારે સવારે ઠંડા પવનની વચ્ચે ગાંધીનગરમાંનુ તાપમાન ૧૩.૩ ડિગ્રી નોંધાયું છે. બીજી તરફ ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી પર નીચા દબાણનું ક્ષેત્ર પશ્ચિમ-મધ્ય ક્ષેત્રમાં હતું. તે આગામી ૨૪ કલાકમાં તમિલનાડુ અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠા તરફ આગળ વધે તેવી શક્યતા છે. જેના કારણે દરિયાકાંઠાના જિલ્લાઓમાં ભારે પવન અને વરસાદ થશે. ઉપરાંત, પશ્ચિમ હિમાલય વિસ્તાર અને આસપાસના મેદાનોને અસર કરવા માટે ૨૭ ડિસેમ્બરથી એક નવું પશ્ચિમી વિક્ષેપ સક્રિય થઈ શકે છે.

એજ રીતે ગાંધીનગરથી હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ રાજયના હવામાનના પલટાને વધુ એક આગાહી કરી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની રાજ્યનાં વાતાવરણમાં પલટો આવવાની આગાહી કરતાં કહ્યું છે કે, ૨૬ મી ડિસેમ્બરે બંગાળના ઉપસાગરમાં વધુ એક સિસ્ટમ થવાથી ૪ જાન્યુઆરી સુધી રાજ્યમાં માવઠા થવાની શક્યતા રહેશે. રાજ્યના સવારના સમયે ઠંડી રહેશે.

## ખાદ્ય-ખોરાકના એક્ઝિબિશનથી ચ રોડ પર ચક્કાજામની સ્થિતિ સર્જાઇ

શહેરના સેક્ટર ૧૭ ખાતે ખાદ્યખોરાકનુ એક્ઝિબિશન ચાલી રહ્યુ છે. ચાર દિવસ ચાલનારા એક્ઝિબિશનથી શહેરના સ્થાનિક નાગરિકોને પારાવાર યાતનાઓ સહન કરવી પડી રહી છે. સેક્ટર ૧૭ના વસાહતિઓ બાદ હવે ચ-રોડ ઉપર ચક્કાજામ થઇ રહ્યો છે. . ત્યારે એક્ઝિબિશનથી નાગરિકોમાં ભારોભાર રોષ ફેલાઇ રહ્યો છે. દર વર્ષે વાયબ્રન્ટ સમિટ વખતે અહીં એક્ઝિબિશન યોજાય છે પરંતુ તેમાં એટલું સારૂ આયોજન હોય છે કે નાગરિકોને કોઇ સમસ્યા નડતી નથી પરંતુ ખાદ્ય ખોરાકના એક્ઝિબિશનમાં આયોજકોની બેદરકારીને કારણે નાગરિકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.રૂપિયા ભેગા કરવા માટેનુ આયોજન કરવામાં આવ્યુ છે. તે સિવાય ટ્રાફિક મેનેજમેન્ટમાં છીંડા જોવા મળી રહ્યા છે. રોડ ઉપર દેખાડા પુરતા બાઉન્સર ઉભા કરી દીધા છે. પરિણામે સેક્ટર ૧૭ મહાપાલિકા, ચ-રોડ અને પોઈન્ટના બસ સ્ટેન્ડ ઉપર આડેધડ વાહનોના અડકલા જોવા મળી રહ્યા છે. ચ-રોડ ઉપર ઓફિસ અવર્સ દરમિયાન એક એક કિલોમીટર વાહનોની લાઇનો લાગી જાય છે. એક્ઝિબિશન સેન્ટરમાં આવતા મુલાકાતીઓ માટે સેક્ટર ૧૧ રામકથા મેદાન ખાતે પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ ત્યા કાગડા ઉડતા જોવા મળે છે.જોવા મળી રહ્યા છે. ચ-રોડ ઉપર ઓફિસ અવર્સ દરમિયાન એક એક કિલોમીટર વાહનોની લાઇનો લાગી જાય છે.

## તંત્રી લેખ..

# ભારતનું ફોરેક્સ રિઝર્વ બે અબજ ડોલર ઘટીને ૬૫૨.૮૭ અબજ ડોલરના છ મહિનાના તળીયે

વિદેશી સંસ્થાકીય રોકાણકારો, ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ)ની ભારતીય શેર બજારોમાંથી અવિરત ધૂમ વેચવાલીના પરિણામે અને અમેરિકી ડોલર સામે રૂપિયાના સતત થઈ રહેલા પતને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) રૂપિયાને સપોર્ટ આપવા મોટા પ્રમાણમાં અમેરિકી ડોલર વેચવા લાગતાં ૧૩, ડિસેમ્બર ૨૦૨૪ના પૂરા થયેલા સપ્તાહમાં ભારતના ફોરેક્સ રિઝર્વમાં પણ સતત ઘટાડો નોંધાયો છે.સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વ બે અબજ ડોલર જેટલો ઘટીને ૬૫૨.૮૭ અબજ ડોલરની છ મહિનાની નીચી સપાટી નજીક આવી ગયું હોવાનું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આંકડા દર્શાવે છે. અત્રે નોંધનીય છે કે, ફોરેક્સ રિઝર્વમાં ૬, ડિસેમ્બર ૨૦૨૪ના પૂરા થયેલા સપ્તાહમાં ૩.૨ અબજ ડોલરનો ઘટાડો થયો છે. ભારતનું ફોરેન એક્સચેન્જ રિઝર્વ જે ૨૭, સપ્ટેમ્બર ૨૦૨૪ના રેકોર્ડ ૭૦૪.૮૯ અબજ ડોલરની ઊંચી સપાટીએ હતું એ અત્યાર સુધીમાં બાવન અબજ ડોલર ઘટી ગયું છે.રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા પાછલા દિવસોમાં અવારનવાર ફોરેક્સ માર્કેટમાં દરમિયાનગીરી કરી રિઝર્વમાંથી ડોલર વેચી રહ્યાના અને એના કારણે પણ રિઝર્વમાં ઘટાડો થયો છે.પાછલા સપ્તાહમાં યુઆન નબળો પડવાના દબાણમાં અને ફોરવર્ડ માર્કેટમાં ડોલરની મજબૂતી સાથે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો તૂટતો રહી ૮૪.૮૮ની ઓલ ટાઈમ નીચી સપાટીએ ગયો હતો. ડોલર સામે રૂપિયો આ સપ્તાહમાં આજે શુક્રવારે ૨૦, ડિસેમ્બર ૨૦૨૪ના ૮૫.૧૧ના નવા તળીયે આવી ગયા બાદ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ દરમિયાનગીરી કરી ડોલર માર્કેટમાં વેચ્યા હોવાના અહેવાલ હતા.

# ફક્ત એફ.આઈ.આર. થી રાષ્ટ્રદ્રોહનો ગુનો બની શકે નહિ

## (પ્રિવેન્સન ઓફ એન્ટિ સોશ્યલ એક્ટિવિટીઝ એક્ટ એ જાહેર વ્યવસ્થા સામેનો ખતરો ગણી શકાય નહિ)

ભારતીય દંડ સંહિતાની કલમ-૧૨૪(ક) જેમાં રાષ્ટ્રદ્રોહનાં ગુના અંગેની જોગવાઈ કરવામાં આવી છે. કલમ-૧૨૪(ક) જણાવે છે કે, જે કોઈ વ્યક્તિ બોલેલા કે લખેલા શબ્દો વડે, ચિહ્નો વડે અથવા જોઈ શકાય તેવી નિશાનીઓ વડે કે અન્ય રીતે ભારતમાં કાયદાથી સ્થપાયેલી સરકાર પ્રત્યે ધિક્કાર અથવા તિરસ્કાર કે અનાદર પેદા કરે કે તેમ કરવાની કોશિશ કરે અથવા તેના સામે બેદિલી ફેલાવે કે તેમ કરવાની કોશિર કરે, તેને સાથે દંડ કરી શકાય છે.

જયારે આવું કોઈ કૃત્ય કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવે તો તેને જોગવાઈમાં જણાવ્યા મુજબ આજીવન કેદની અથવા સાથે દંડ કરી શકાય તેવી ત્રણ વર્ષ સુધીની કેદની અથવા દંડની શિક્ષા કરવાની જોગવાઈ આ સંહિતામાં કરવામાં આવી છે. ફક્ત કોઈ વ્યક્તિ વિરૂધ્ધ એફ.આઈ.આર. થવા માત્રથી તેની ઉપર પાસા કે રાષ્ટ્રદ્રોહનો ગુનો લાગુ પાડી શકાય નહિ. જ્યાં સુધી નામ.કોર્ટમાં ગુનેગાર સાબિત ના થાય ત્યાં સુધી તે વ્યક્તિ માત્ર તહોમતદાર છે, આરોપી નહિ. આરોપી મુકવા માત્રથી કે એફ.આઈ.આર. થી ગુનેગાર સાબિત થતો નથી. તેથી કોઈ વ્યક્તિ ઉપર ચાર કે પાંચ ગુનાની એફ.આઈ.આર. કરવાથી તેના ઉપર પાસા કે રાષ્ટ્રદ્રોહનો આરોપ મુકી શકાય નહિ.

જયાં સુધી રાજકીય નેતાઓ ધર્મને રાજનીતિથી અલગ નહિ કરે ત્યાં સુધી ધર્મના નામે આંદોલનો થતાં રહેશે અને ધર્મ, જાતિનાં ભેદભાવનાં નામે કોમવાદ વકરતા હિંસા ફેલાતી રહેશે અને હજારો નિર્દોષ યુવાનો તેનો ભોગ બનતા રહેશે તે નિર્વિવાદ હકિકત છે. જ્યાં શિક્ષણનો અભાવ છે. તેવા ક્ષેત્રોમાં રાજ્યોમાં ધાર્મિક ક્રૂરતા વધારે ફેલાય છે. જે હિંસામાં પરિણામતા વયમનસ્ય ફેલાતા નિર્દોષ લોકો ઉપર પણ ટોળાનાં ભાગરૂપે એફ.આઈ.આર.માં નામ દર્શાવી ૧૨૦(બી) કલમ લગાવી તડીપાર કે રાષ્ટ્રદ્રોહનાં ગુનામાં પાસા કરવામાં આવે છે. આવા સમયે સત્ય ક્યારેય સામે લાવવા કોઈ જ પક્ષ પ્રયત્ન કરતો નથી. કોઈ વખત ઉસ્કેરાટમાં, આવેશમાં આવી યુવાનો પોલિસ જવાનો ઉપર પણ પથ્થરમારો કરી આગ લગાડતા હોય છે. જાહેર માલ, મિલક્તોને આવેશમાં, ઉશ્કેરાટમાં આવી તોડ-ફોડ કરી બસો સળગાવી જાહેર મિલકતને નુકશાન પહોંચાડવાનાં ગુના બદલ તથા જાહેર સેવકને માર મારવાનાં, ફરજ કરતા રોકવાનાં ગુનામાં અટકાયત કરી રાજદ્રોહની કલમ લગાવી એફ. આઈ.આર. કરી અટકાયત કરી, ત્યારબાદ પાસા કરવાની કે તડીપાર કરવાની કાર્યવાહી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. માત્ર એફ.આઈ.આર.માં નામ હોવાનાં કારણે તડીપાર કે રાજદ્રોહનો ગુનો લાગુ કરી શકાય નહિ. તે બંધારણીય અધિકારીતા વિરૂધ્ધ છે. તેને પડકારતી રીટ નામ. સુપ્રિમ કોર્ટમાં તાજેતરમાં કરવામાં આવેલ છે. જેની સુનવણી આગામી સમયમાં નિર્ધારીત કરી ચુકાદો આવતા આખો મામલો સ્પષ્ટ થશે અને રાજ્ય સરકારને પોલીસ તંત્રને સ્પષ્ટ ગાઈડ લાઈન પાસા કે રાજદ્રોહ લગાડવાની નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવશે. જેથી નવલોહિયા યુવાનોએ ફક્ત એક જ વખત ધાર્મિક નેતા કે રાજકીય નેતાનાં ભાષણથી આવેશમાં આવી ઉશ્કેરાટથી કરેલા કૃત્યથી તેનું ઉજજવળ ભવિષ્ય બગડે નહિ, સરકરી નોકરીમાં પરિક્ષા આપવામાંથી વંચિત ના બને તેના બંધારણીય અધિકારોનું હનન ના થાય તે જોવાનું કામ નામ. સુપ્રિમ કોર્ટનું છે અને નામ. સુપ્રિમ કોર્ટનાં હુકમનું પાલન કરવાનું કામ રાજ્ય અને કેન્દ્ર સરકારનું છે. બહુમતી અને લઘુમતીમાં સમાનતાની તરફેણ કે વિરૂધ્ધની વાત કરનાર રાજકીય પક્ષોનાં હાથા બની યુવાનોનું ઉજ્જવણ ભવિષ્ય ના બગડે તે જોવાનું લોકતંત્રમાં કામ ન્યાયતંત્રનું છે. નિરપરાધ લોકો સજા-ભોગવે તે ન્યાયપાલિકા ક્યારેય સાંખી ના લે, પરંતુ સજા ભોગવે છે નિર્દોષ, પિડિત તે સનાતન સત્ય છે.

પ્રિવેન્સન ઓફ એન્ટિ સોશ્યલ એક્ટિવિટીઝ એક્ટ એ જાહેર વ્યવસ્થા સામેનો ખતરો ગણી શકાય નહિ. જાહેર વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થા વચ્ચેનું અંતર પણ સ્પષ્ટ છે. પોક્સો અને એટ્રોસિટીના આરોપ બાદ પણ પાસા હેઠળ જેલમાં મોકલવાનાં હુકમો ગેર બંધારણીય છે. રાજદ્રોહમાં જન્મટીપ, દંડ અથવા ૩ વર્ષની કેદ અને દંડ અથવા દંડની જોગવાઈ છે.

માત્ર એફ.આઈ.આર. નોંધવાથી આરોપીને સમાજ સામેનો કે જાહેર વ્યવસ્થા સામેનો ખતરો ગણી શકાય નહિ, સાક્ષીના નિવેદનો, પંચનામાં કે પોલીસ ફરીયાદ ઉપર પાસા કરવી ન્યાયિક નથી. જાહેર વ્યવસ્થાનો ભંગ કરવો અલગ બાબત છે, પોતાનો સરકાર પ્રત્યેનો રોષ કાઢવો એ દરેક વ્યક્તિનો મૌલિક અધિકાર છે, પરંતુ તેનાથી સમાજ, દેશ કે જાહેર મિલકતને નુકશાન પહોંચાડી પોતાનો રોષ કે ઉસ્કેરાટ બહાર કાઢી નિર્દોષ લોકોને રંજાડી હેરાન, પરેશાન કરવાનો પરવાનો મળતો નથી, પરંતુ માત્ર એફ.આઈ.આર. થી પાસા તથા રાજદ્રોહનો ગુનો પણ નોંધી ના શકાય, તેના માટે ગુનો સાબિત થવો જરૂરી છે, જે કામ ન્યાયતંત્રનું છે.

### કાયદાની કલમ



લેખકઃ ડો. અશ્વિન વી. ત્રિવેદી
(એડવોકેટ, નોટરી અને સ્પે. પી.પી.)

# મોડાસા ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

અરવલ્લી જિલ્લાના રોજગાર વાંચ્છુ ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે ખાનગી ક્ષેત્રના નોકરીદાતા દ્વારા જિલ્લા કક્ષાના રોજગાર ભરતી મેળાના માધ્યમથી ભરતી કરવા માટે ઔધોગીક રોજગાર ભરતી મેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી મોડાસા દ્વારા તારીખ ૨૬/૧૨/૨૦૨૪ ના રોજ ભામાશા હોલ,મ.લા.ગાંધી કોલેજ કેમ્પસ,ધનસુરા રોડ,મોડાસા ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેમા ધોરણ ૧૦ - ૧૨ પાસ,આઈ.ટી.આઈ.,સ્નાતક,ડીપ્લોમા સુધીની લાયકાત ધરાવતા ઉમેદવારો આ રોજગાર ભરતી મેળામાં ભાગ લઈ શકશે. નોકરી વાંચ્છુક ઉમેદવારની વય મર્યાદા ૧૮ થી ૩૫ ની રહેશે.આ રોજગાર ભરતી મેળામાં ખાનગી ક્ષેત્રના નોકરીદાતાઓ રૂબરૂ હાજર રહી ઈન્ટરવ્યુ લેશે.

# લિમખેડા ખાતે સ્પોર્ટ-ડે ની ઉજવણી કરાઈ




લીમખેડાની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે સ્પોર્ટ ડે ની ઉજવણી કરવામાં આવી જે અંતર્ગત શાળા ત્રણ હજારથી વધારે વિદ્યાર્થીઆ એ વિવિધ રમતોમાં ભાગ લઈ આજે ફાઈનલમાં આવ્યા હતા જેમાં શાળ ના વિધાર્થીઓ દ્વારા બેગ પેક, લીબુ ચમચી ,કોથળા દોડ,સો મીટર દોડ,ખો ખો અને ક્રિકેટ જેવી વિવિધ રમતોમાં ભાગ લઈ વિજેતા બન્યા હતા આ પ્રસંગે લીમખેડા પોલીસ મથક ના પી.આઈ એસ.વી વસાવા સંસ્થાના પ્રમુખ ધનાભાઈ ભરવાડ મંત્રી ભરતભાઈ ભરવાડ રાકેશભાઈ ભરવાડ સહિતના મહેમાનો ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા આ તબક્કે પી આઈ એસ વી વસાવા દ્વારા વિજેતા બાળકોને ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.-બળવંત વાદી

# જેતપુરમાં કેન્દ્રીય ગૃહમંત્રીના વિરૂદ્ધમાં નારા અને વિરોધ પ્રદર્શન

જેતપુર કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા લોક સભામાં ડો. બાબા સાહેબ આંબેડકર વિરુદ્ધ કરવામાં આવેલ ટિપ્પણીના વિરોધમાં જેતપુરના સરદાર ગાર્ડનના કોર્નર પર ડો. બાબા સાહેબ આંબેડકરનુ સ્ટેચ્યુ પાસે કોંગ્રેસના નિલેશભાઈ પંડ્યા તેમજ કોંગ્રેસના કાર્યકરતાઓ દ્વારા ડો. બાબા સાહેબને ફૂલ હાર પહેરાવી ડો. બાબા સાહેબ





આંબેડકર અમર રહો તેમજ જબ તક સુરજ ચાંદ રહેગા બાબા તેરા નામ રહેગા ના નારા લગાવી વિપક્ષ કોંગ્રેસ દ્વારા બંધારણના ઘડવૈયા એવા ડો. બાબા સાહેબ આંબેડકર મુદ્દે કરેલી ટીપ્પણી બદલ જાહેરમાં માફી માંગવામાં આવે અને કેન્દ્રીય ગૃહમંત્રી રાજીનામુ આપે તેવી માંગ કરી હતી.-વિજય મકવાણા



બાબુલાલ એસ. પટેલ, MO: 9427685044

# મેનેજિંગ તંત્રી અખંડ ભારત દૈનિક ન્યુઝ ગાંધીનગર.ગુજરાત.

## "૨૧ તો ક્યારેક ૨૨ ડિસેમ્બર વર્ષનો સૌથી નાનો દિવસ અને રાત્રિ લાંબી હોય છે"

ગઈ કાલે ૨૧ ડિસેમ્બર ને શનિવારે ભારતમાં દિવસ સૌથી નાનો અને લાબાં મા લાંબી રાત હતી. ૧૩ કલાક, ૧૫ મિનિટ, ૨૬ સેકન્ડની રાત હતી અને આજે ૨૨ ડિસેમ્બર પછી દિવસના સમયમાં વધારો થતો જશે. પૃથ્વી ૨૪.૫ અંશે ઝૂકેલી હોય છે. તેથી દિવસ - રાતમાં લાંબા-ટૂકા ફેરફાર તથા ઋતુઓમા ફેરફાર થાય છે.

મિત્રો, જોત જોતામાં ૨૦૨૪ નું વર્ષ પૂર્ણ થવા આવ્યું, આવતીકાલે ડિસેમ્બર ની ૨૨ મી તારીખ એટલે આ વર્ષના માત્ર દસ દિવસજ બાકી રહ્યા, સમય ક્યાંથી શરૂ થાય છે ને ક્યાં પૂર્ણ થાય છે એનો ખ્યાલ જ આવતો નથી. દરેક માણસ માટે સમયનું ખૂબ મહત્વ હોય છે, પરંતુ વર્ષોના અનુભવે જણાયું છે કે સમય પલકારામાં વહેતો થઈ જાય છે અને જિંદગી એકદમ ઝડપથી પૂર્ણ થવા તરફ જતી રહેતી હોય છે. સમય કોઈની પણ પરવા કર્યા વગર સરી જતો હોય છે. સમયનો ઉપયોગ સારી રીતે કરી જાણવો એ ખૂબ અગત્યની બાબત હોય છે.

એમ કહેવાય છે કે "સમય ક્યારેય સારો કે ખરાબ હોતો નથી, સમય હંમેશા આપણી પડખે હોય છે. તેનો આપણે કેવી રીતે ઉપયોગ કરીએ છીએ તે આપણા પર નિર્ભર છે,જે લોકોના પડકારો મોટા હોય છે તેઓને વધુ મહેનત કરવી પડે છે, તેઓ પાસે તો સમયને દોષ દેવાનો પણ સમય હોતો નથી. હેલ્થ, વેલ્થ અને વેલ્યુ જેટલી સારી એટલી જ સમયને પડકારવાની મજા આવતી હોય છે અને જે સમયને પડકારી શકે છે તે જિંદગીને પણ પડકારી શકે છે.પછી ડિસેમ્બર મહિનો હોય કે જાન્યુઆરી નો મહિનો એમના માટે તકની રાહ જોઈનેજ બેઠો હોય છે".

"સમય શાશ્વત પ્રકૃતિ ધરાવે છે. આથી સમયની સચોટ વ્યાખ્યા હજુ કોઈ ધર્મ કે વિજ્ઞાન કરી શક્યું નથી. તે અનાદિ અને અનંત છે એવી કલ્પના કરવી મનુષ્યની વિચારશક્તિ બહારની વાત લાગે છે.સમય એટલે કાળ પણ કહેવાય છે. 'કાળ'બહુઅર્થી શબ્દ છે. તેનો એક અર્થ સમય થાય છે.

સમયની વિભાવના અત્યંત કઠિન છે. માણસ સમયનું માપ ગણિતની ભાષામાં અભિવ્યક્ત કરે છે. દેખીતી રીતે સમયને સમજવા માટે ઘડિયાળ સેકન્ડથી કલાકો સુધીનો ખ્યાલ આપે છે. કેલેન્ડર દિવસથી વર્ષોનો ખ્યાલ આપે છે. આમ હોવા છતાં, ઘડિયાળ અને કૅલેન્ડર સમયને માપવામાં ટાંચાં પડતાં સાધનો છે.

દુનિયાનાં વિવિધ સ્થળોએ બપોરના ૧૨ એક જ સમયે વાગતા નથી. તેમાં બીજા કશાકની અસર કામ કરતી હોય છે જ. પૃથ્વીની પોતાની ઉત્તર-દક્ષિણ ધરીની આસપાસની પ્રચક્રણ ગતિને કારણે પૂર્વના દેશોમાં સવાર વહેલી અને પશ્ચિમના દેશોમાં મોડી થાય છે; તેવું જ સાંજ વિશે વિચારી શકાય. આને કારણે તો ટાઇમ-લેગ અને ટાઇમ-ટોન જેવાં કોષ્ટકો તૈયાર કરવાં પડ્યાં છે. ભારતમાં કોલકાતાથી કંડલા વચ્ચે એક જ સમયનો સંદર્ભ લેવામાં આવે છે. બીજા દેશોમાં ટાઈમ-ઝોન બનાવેલા છે; જેમ કે રશિયામાં અગિયાર ટાઇમ-ઝોન છે. પૂર્વે વ્લાદિવોસ્તોકમાં સૂર્યોદય થાય છે ત્યારે પશ્ચિમે સેન્ટ પિટ્સબર્ગમાં સૂર્યાસ્ત થતો હોય છે."

જોકે મારે આજે ભૌગોલિક ઘટમાળમાં સુર્ય અને પૃથ્વીની કરામત થકી બનતા સૌથી નાના દિવસની માહિતી આપવી છે.

મોટાભાગે વડીલો પાસેથી તમે સાંભળ્યુ હશે કે ડિસેમ્બર ખતમ થવાનો છે અને કડકડતી ઠંડી પડશે. તેનો સીધો સંબંધ વિંટર સોલસ્ટાઈસ એટલે કે દક્ષિણાયાન સાથે હોય છે. આ દરમિયાન સૂર્ય અને પૃથ્વી વચ્ચે વધુમાં વધુ અંતર હોવાથી કિરણો જમીન પર મોડેથી પહોચે છે. અને તેમની તીવ્રતામાં પણ કમી આવે છે. તાપમાન ઘટવાને કારણે ઠંડે વધી જાય છે.

"પૃથ્વી પોતાના અક્ષ પર સાઢા તેવીસ ડિગ્રી નમેલી હોય છે. તેથી સૂર્યનુ અંતર પૃથ્વીના ઉત્તારી ગોળાર્ધથી વધુ થઈ જાય છે. તેનાથી સૂર્યની કિરણો પૃથ્વી પર ઓછા સમય સુધી પડે છે. ૨૧ ડિસેમ્બરના રોજ સૂર્ય દક્ષિણાયાનથી ઉત્તારાયણમાં પ્રવેશ કરે છે. સૂર્યની કિરણો મકર રેખાના લંબવત થાય છે અને કર્ક રેખાને ત્રાંસો સ્પર્શ કરે છે. પરિણામ સૂર્ય જલ્દી ડૂબે છે અને રાત થઈ જાય છે. આ બે રાત્રે આખો ચંદ્ર દેખાય છે.

અમેરિકામા તો ડિસેમ્બર માસને વર્ષના સૌથી ઠંડી અવધિની શરૂઆતના રૂપમાં માનવામાં આવે છે. ઉત્તારી ગોળાર્ધમાં શુક્રવારનો દિવસ શરદીનો પહેલો દિવસ માનવામાં આવશે. આ દિવસ વર્ષની સૌથી લાંબી રાતનો હોય છે"

સોલસ્ટાઈસને વર્ષમાં બે વાર ઉજવાય છે. પહેલા ગરમીમાં જોવા મળતુ હતુ, જેને સમર સોલસ્ટાઈસ કહે છે. આ ૨૦ થી ૨૩ જૂન વચ્ચે હોય છે. આ દરમિયાન દિવસ સૌથી લાંબ અને રાત સૌથી નાની હોય છે. બીજુ વિંટર સોલસ્ટાઈસ હોય છે જેને ૨૧ થી ૨૩ ડિસેમ્બરની વચ્ચે જોઈ શકાય છે. તેથી ડિસેમ્બરના અંતમાં કડકડતી ઠંડી પડે છે. "૨૧ડિસેમ્બર વર્ષનો સૌથી નાનો દિવસ હોય છે. કારણ કે ધરતી અને સૂરજ વચ્ચે આજે અધિકતમ અંતર હોય છે અને ચંદ્રની રોશની વધુ મોડા સુધી રહે છે. આ ખાસ દિવસને વિંટર સોલસ્ટાઈસ (સક્રાંતિ)કે દક્ષિણાયાન કહે છે.સોલસ્ટાઈસ એક લૈટિંન શબ્દ છે. જેનો મતલબ સૂરજનુ સ્થિર હોવું એમ પણ કહેવાય છે. થોડા વર્ષોથી આ દિવસની તારીખોમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. ક્યારેક આ ૨૧ ડિસેમ્બર હોય છે તો ક્યારેક વૈજ્ઞાનિકો મુજબ આ સમય ૨૦ થી ૨૩ ડિસેમ્બરની વચ્ચે હોય છે . તેને વિંટર સોલસ્ટાઈસ ને ચીનમાં ડોગજી ફેસ્ટિવલના રૂપમાં સેલિબ્રેટ કરવામાં આવે છે.

રામે.. રામ. મેનેજિંગ એડિટરશ્રી ,અખંડ ભારત દૈનિક ગાંધીનગર,ગુજરાત.

# ગોધરા નજીક પાનમ બ્રીજનું સમારકામ ટલ્લે



ગોધરા નજીક સંતરોડ થી ઓરવાડ વચ્ચે આવેલ પાનમ નદીનો બ્રીજના મરામત નું કામ છેલ્લા બે-ત્રણ વર્ષ થી ચાલી રહ્યું છે.પરંતુ આ કામ હજુ સુધી પૂર્ણ નહી થતાં જાહેર માર્ગ ઉપર સેફ્ટી બોક્સની,કે કામ ચાલુ છે.ની ચેતવણી સિવાય પત્થરો મુકવામાં આવતા આ માર્ગ ઉપરથી પસાર થતાં વાહન ચાલકો વારંવાર અકસ્માતનો ભોગ બની રહ્યા હોઈ સત્વરે કામગીરી પૂર્ણ કરવામાં આવે તેવી વાહન ચાલકોની માંગ ઉઠી છે.- વિપુલ બારીઆ

# પાલડી અને હાથીપુરાકંપા પ્રા.શાળામાં આસન વિતરણ નો કાર્યક્રમ યોજાયો





બાયડની પાલડી અને હાથીપુરાકંપા પ્રાથમિક શાળામાં આસનિયા ભારત વિકાસ પરિષદ બાયડ શાખાના પ્રમુખ ડૉ.મિનેષભાઈ ગાંધીની રાહબરી હેઠળ અને પાલડી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ સોનીના સહયોગથી બાયડ તાલુકાની પાલડી તથા હાથીપુરાકંપા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોને આસનિયાનું વિતરણ કરવામાં આવ્યું. શિયાળામાં ઠંડીથી બચવા અને ઉનાળામાં ગરમીથી બચવા બાળકો આસન પાથરીને મધ્યાહન ભોજન જમવા બેસે તે હેતુથી આસનિયાનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રેરણાદાયી કામગીરીને શાળાના શિક્ષક મિત્રોએ આવકારી આભાર વ્યક્ત કર્યો હતો.- હરેશ પંચાલ

# પાટણ જિલ્લામાં એગ્રી સ્ટેક ક્રોપ સર્વેયરોનું પેમેન્ટ ચલ્લે ચડતા આક્રોશ

સાંતલપુર ડિજિટલ ગુજરાતના પાયાના કર્મચારી તરીકે અને ગ્રામીણ કક્ષાએ સરકારની સીધી સેવા પૂરી પાડનાર ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા વી.સી.ઇ નું સરકાર દ્વારા આર્થિક શોષણ થઇ રહ્યું હોવાનું ફલિત થયું છે સાંતલપુર તાલુકા ના તમામ વી.સી.ઇ ઓએ વધારે વરસાદ માં ખેતરો મા પાણી ભરાયેલું હોવા છતા અને રસ્તામા પાણી કીચડ હોવા છતાંય ખેતરે ખેતરે ફરીને કામગીરી પૂર્ણ કરી તો પણ ત્રણ ત્રણ મહિના થી મહેનતાણુ ચૂકવવામાં આવ્યું નથી.પ્રાપ્ત માહિતી પ્રમાણે પેમેન્ટ સિસ્ટમ બદલી હોઇ સમયસર પેમેન્ટ થઇ શક્યું નથી અને આ આ સ્થિતીનું જિલ્લાના તમામ તાલુકાઓમાં નિર્માણ થયું હોવાનું જાણવા મળેલ છે.અત્રે ઉલેખનીય છે કે ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા પાણી પત્રક નમૂના નં ૧૨ની નોધણી ઓફ લાઈન કરવામાં આવી હતી જે હવે ડિજિટલ ક્રોપ સર્વે દ્વારા પાણી પત્રક નમૂના નં ૧૨માં ઓનલાઇન નોંધણી કરવામાં આવે છે દેશમાં પાક વાવેતરના રિયલ ટાઈમ ડેટા મેળવવા માટે ભારત સરકાર દ્વારા અગ્રિસ્ટેક એપ્લિકેશન ત્યાર કરવામાં આવી છે-યશપાલ જાડેજા

# ડેડીયાપાડા ધારાસભ્ય ગ્રામ્ય વિસ્તારની મુલાકાતે



ભરૂચ જિલ્લાના ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવા આદિવાસીના ગુરુ ગોવિંદની જન્મ જયંતી નિમિતે સંગઠન મંત્રી નરેશ ભાઈ બારીયા,અનિલ ભાઈ ગરાસિયા,બાબુ ભાઈ ડામોર,દાહોદ જીલ્લા પ્રમુખ રાકેશ ભાઈ બારીયા,મહિલા પ્રમુખ શ્રુતિબેન ડામોર,જીજ્ઞાશા બેન પારગી અને સંજેલી આપ ટીમના કાર્યકર્તાઓ સાથે સંજેલી શહેરી અને તેની આસપાસના વિસ્તારની મુલાકાત લઈ સ્થાનિક લોકોના પડતર પ્રશ્નોને સાંભળી સ્થાનિક તંત્ર થી લઈ સરકાર સુધી સત્વરે રજૂઆત કરી તાકીદે નિવેડો લાવવા હૈયાધારણા આપી હતી. સંજય રાઠોડ

# બાયડના ગ્રામ્યમાં થી જુગાર રમતા ત્રણ ઈસમો ઝડપાયા

બાયડ સરકારી પુસ્તકાલય પાછળ આવેલ તબેલાની બાજુમાં ખુલ્લામાં વરલી મટકાના હાર જીતનો જુગાર રમતા હતા ત્યારે રોકડ રકમ ૧૨૬૦ સાથે ખોળાભાઈ મગનભાઈ ચૌહાણ (રહે.લેટર વણઝારીયા,તા.કપડવંજ) બાયડ પોલીસે ઝડપી પાડયો હતો તેમજ જુના ઉંટરડા ગામની સીમમાં આવેલ માઝુમ નદીના કોતરનજીકથી પોલીસે રેડ પાડતા રૂપિયા ૬૩૬૦ તેમજ મોબાઈલ ફોન,બાઈક,મળી કુલ કિં.રૂ.૧૯૩૬૦ સાથે ભાવેશભાઈ જીતુભાઈ દેવીપુજક,નિમેષકુમાર હરગોવિંદભાઈ પટેલ(રહે. ઉંટરડા, તા.બાયડ)બાયડ તેમજ આંબલીયારા પોલસે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ઘરી હતી.-ત્રિલોક પંડ્યા

# ધનસુરા બાર એસોશિયેશનના હોદ્દેદારો બિનહરીફ નિમાયા



અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા બાર એસોસિએશનની તાજેતરમાં યોજાયેલ ચૂંટણીમાં પ્રમુખ તરીકે વિક્રમભાઈ આઈ.ભરવાડ,ઉપ પ્રમુખ તરીકે મેહુલકુમાર એન. પટેલ સેક્રેટરી તરીકે નયનકુમાર કે. ભરવાડ, જોઈન્ટ સેક્રેટરી તરીકે નરસિંહભાઈ એમ. પટેલ,ખજાનચી તરીકે મહેશભાઈ પી. ચમાર,લાઈબ્રેરી સેક્રેટરી તરીકે પાર્થ કે. દેસાઈ,મહિલા પ્રતિનિધિ તરીકે મયુરીબેન એસ. ભટ્ટ બિનહરીફ ચૂંટાઈ આવતા નવા વરાયેલ તમામ હોદ્દેદારોને હતા જે તમામ હોદ્દેદારોને એસોસિએશનના તમામ વકીલ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા. હરેશ પંચાલ

# વાત્રક ખાતે મેન્ટલ હેલ્થ સેન્ટરનો ભૂમિ-પૂજન કાર્યક્રમ યોજાયો



બાયડ તાલુકાના વાત્રક ખાતે આવેલ શ્રીમતી બેલાબેન પટેલ આઈ હોસ્પિટલ વાત્રા કેમ્પસમાં આજ રોજ મેન્ટલ હેલ્થ સેન્ટર નું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું.આ ભૂમિ પૂજન સ્વર્ગસ્થ રસિકભાઈ મણીલાલ શાહ ના ધર્મપત્ની કુસુમબેન(સાઠંબા)હાલ રહે .અમેરિકા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્વર્ગસ્થ રસિકભાઈ મણીલાલ શાહ તથા તેમના ધર્મપત્ની કુસુમબેન ના પરિવાર દ્વારા મેન્ટલ હેલ્થ સેન્ટર માટે ૮ કરોડ ૫૦ લાખ જેટલો દાન આપવામાં આવ્યો હતો.આ મેન્ટલ હેલ્થ સેન્ટર માટે કે કે શાહ ટ્રસ્ટ દ્વારા જમીન આપવામાં આવી હતી. સ્વર્ગસ્થ રસિકભાઈ મણીલાલ શાહ નું સપનું હતું કે તે એક મેન્ટલ હેલ્થ સેન્ટર શરૂ કરે. ત્યારે આ રસિકભાઈ નું સપનું તેમના ધર્મ પત્ની કુસુમબેન તથા તેમનો પુત્ર દ્વારા પૂરું કરવામાં આવ્યું હતું.આ ભૂમિ પૂજનમાં એસવી સીટી ના મેમ્બરો, સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદ , અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ તથા હોસ્પિટલ ના સહુ મેમ્બરો તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ચોરવાડ ખાતે સફાઈ કામદારો માટે મેડીકલ કેમ્પ યોજાયો



આજ રોજ કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાની સુચના અન્વયે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. અલ્પેશ સાલ્વીના માર્ગદર્શન હેઠળ ચોરવાડ નગરપાલિકાના તમામ સફાઈ કામદારો માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુકસવાડા અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ચોરવાડ દ્વારા મેડિકલ પીએમજેવાય કાર્ડ કાઢવા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં તમામ સફાઈ કામદારોના આરોગ્યની તપાસ કરી જરૂરી સારવાર અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કિશન બહેચા

# જૂનાગઢ ખાતે આઈડેન્ટીફીકેશન ટેલેન્ટ કેમ્પ યોજાઈ ગયો



જૂનાગઢ સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે રાજ્ય કક્ષાનું સિદ્દી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પનું આયોજન ગુજરાત સરકારશ્રીના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ગુજરાતમાં વસતા અને પોતાની અલગ ઓળખ ધરાવતા વિશેષ પ્રતિભાશાળી સિદ્દી બહેનો-ભાઈઓને એક વિશેષ તક આપવા ગુજરાત સરકાર કટીબંધ છે ત્યારે સિદ્દી બહેનો માટેના સિદ્દી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પ સમાપન કાર્યક્રમ આજ રોજ કાર્યક્રમના અધ્યક્ષ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, લત્તાબેન ઉપાધ્યાય, તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી નીતાબેન વાળા, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી ખેડા,મનસુખભાઈ તાવેથીયાની ઉપસ્થિતીમાં યોજાયો હતો.આ તકે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, લત્તાબેન ઉપાધ્યાયએ સરકારશ્રી તથા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત અંતર્ગતની યોજનાના મળતા લાભો અંગે ખેલાડીઓને જાણકારી આપી હતી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી નીતાબેન વાળાએ રમત ગમત ક્ષેત્રે આગળ વધવા માટે ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.તેમજ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી ખેડા, મનસુખભાઈ તાવેથીયા દ્વારા ખેલાડીઓને રાજ્ય અને રાષ્ટ્ર કક્ષા રમતો માટેની તૈયારીઓ માટેના સૂચનો કર્યા હતા.આ કાર્યક્રમમાં જલ્પાબેન કયાડા, પ્રમુખશ્રી સિદ્દી સમાજ, જૂનાગઢ નુરમદદભાઈ, પ્રમુખશ્રી સિદ્દી સમાજ, વેરાવળ હાસમભાઈ મુસાગરા, મહિલા પ્રમુખશ્રી સિદ્દી સમાજ, હનીફાબેન મજગુલ, મહિલા પ્રમુખશ્રી સિદ્દી સમાજ, માંગરોળ બિલ્કીસબેન મકવાણા, તેમજ કોચ, ટ્રેનર, પ્રોગ્રામ મેનેજર, ટેકનીકલ મેનેજર ઉપસ્થિત રહ્યા હતા.જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી ભૂષણ કુમાર યાદવ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જૂનાગઢ દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.કિશન બહેચા

# લાખણી કેનાલ ઉપર મંથરગતિએ ચાલતી બ્રીજની કામગીરીથી સ્થાનિકોમાં આક્રોશ

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકામાં સુજલામ સુફલામ્ કાચી કેનાલ ઉપર ચાલી રહેલા પુલની કામગીરીમાં રોડ ઓર્થોરીટીની ઢીલી નીતિ ચર્ચાનો વિષય બની છે.લાખણી -ડીસા ફોર લાઈન હાઈવે ઉપર બે લાઈન વાળા પુલને ચાર લાઈન વાળો પુલ બનાવવાની કામગીરી ચાલી રહી છે જેને છેલ્લા એક વર્ષથી વધુ સમય વિતી ગયો હોવા છતાં કામગીરી જેસે થે હાલતમાં જોવા મળી રહી છે.સરકાર દ્વારા ડબલ લાઈન પુલને ચાર લાઈન વાળો પુલ બનાવવાની મંજૂર આપવામાં આવી હતી. જેનાં ભાગરૂપે સ્ટેટ હાઈવે ઓર્થીરીટી દ્વારા અંદાજિત દોઢ વર્ષ પહેલાં પુલ બનાવવાની કામગીરી ચાલુ કરવામાં આવી




હતી.જેમાં બે ત્રણ મહિના પાયાની કામગીરી ગોકળગતિએ કરવામાં આવી રહી છે.ત્યાર બાદ છેલ્લા આઠ દસ મહિનાથી કામગીરી બંધ હાલતમાં જોવા મળી રહી છે તેમજ પુલની કામગીરી પૂર્ણ નહિ થતા સુજલામ સુફલામ્ કાચી કેનાલમાં પાણી છોડવામાં પણ મુશ્કેલી પડી રહી છે. જેના કારણે લાખણીથી જસરા, ગેળા,ગણતા સહિતના ગામો સુધી કેનાલનું પાણી પુરતા પ્રમાણમાં પહોંચી રહ્યું નથી.જેને લઈ ખેડૂતોને પણ મુશ્કેલી પડી રહી છે તેમજ ફોર લાઈન હાઈવે ઉપર મુસાફરી કરવામાં પણ બે લાઈન વાળા પુલના કારણે વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે તો આ બાબતે રોડ ઓર્થોરીટીનાં અધિકારી ઓફિસ છોડી સ્થળ નિરીક્ષણ કરી તાત્કાલિક ધોરણે કામગીરી પૂર્ણ કરાવે એવી સ્થાનિક લોકોની ઉગ્ર માંગ ઉઠી છે. -કિશોર દવે

# લિમખેડા ખાતે વિશ્વ ધ્યાન દિનની ઉજવણી કરાઈ




ભારતની પ્રાચીન મજબૂત યોગ અને ધ્યાન પરંપરાઓને જીવનના એક પવિત્ર ભાગ તરીકે ગણવામાં આવે છે.આ પ્રાચીન વિજ્ઞાન આજે તણાવ મુક્ત અને આધુનિક જીવન માટે ઉત્તમ ઉપાય બની ગયું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી, યોગ અને ધ્યાનને વૈશ્વિક સ્તરે સ્વીકાર અને લોકપ્રિયતા મળી રહી છે. આજે તે માનવજાત માટે આશાનું પ્રતીક બનીને દરેક નાગરિકોને એકતા અને શક્તિનો સંદેશ આપે છે.યોગ બોર્ડના ચેરમેન યોગ સેવક શીશપાલના માર્ગદર્શનમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તેમજ સમર્પણ ધ્યાન,પતંજલિ યોગ સમિતિ, હાર્ટફુલનેસ,આર્ટ ઓફ લિવિંગ તેમજ વિપાષ્યના જેમ યોગ અને ધ્યાન સાથે સંલગ્ન અન્ય સંસ્થાઓ દ્વારા ૨૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી વિશાળ અને પ્રેરણાત્મક રીતે આજે કરવામાં આવી હતી - રાહુલ ચરપોટ

# દેવભૂમિ દ્વારકા ખાતે જલા જપા દક્ષા કાર્યક્રમ યોજાયો



દેવભૂમિ દ્વારા દ્વારકા ખાતે પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને શ્રીકૃષ્ણ જલા જપા દીક્ષા કાર્યક્રમ યોજાયો હતો.આ તકે પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ×વિકાસ ભી વિરાસત ભી× મંત્રને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ ધપાવી રહ્યા છે. રાજયના પ્રવાસન સ્થળો સર્વાંગી વિકાસ કરી રાજયને પ્રવાસનનું હબ બનાવવા દિશામાં અગ્રેસર બની રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દ્વારકાની મુલાકાત વેળાએ સમુદ્રમાં વિલીન પ્રાચીન દ્વારિકા નગરી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.તેવો જ અનુભવ તથા પ્રાચીન વિરાસતને એકદમ નજીકથી પ્રવાસીઓ પણ આનંદ માણી શકે તે માટે પ્રયત્નો કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. આ પ્રસંગે ધારાસભ્ય પબુભા માણેકે જણાવ્યું હતું કે,ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિ દ્વારકા પ્રવાસીઓ માટે પસંદગીનું સ્થળ બની રહ્યું છે. બહોળી સંખ્યામાં પ્રવાસીઓ દ્વારકા ખાતે દર્શનાર્થે આવતા હોય છે ત્યારે રાજ્ય સરકાર પણ દ્વારકાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે છે. આજના કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાચીન દ્વારકા નગરી તેમજ પ્રાચીન સંસ્કૃતિની મહત્વતા અંગે વિસ્તૃત જાણકારી મેળવવાનો છે. આ કાર્યક્રમમાં શ્રીકૃષ્ણ સ્ત્રોતમ સાથે હવન કરવામાં આવ્યો હતો. ઉપરાંત સ્કુબા ડાઈવર્સને શ્રી કૃષ્ણ જલા જપા દીક્ષા કાર્યક્રમ અન્વયે ઈન્ડિયન બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા સર્ટિફિકેટ એનાયત કરી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ તકે ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ બારડ, પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય, પ્રાંત અધિકારી એ.એસ.આવટે, અગ્રણી પી.એસ.જાડેજા, સંજય નકુમ, લુણાભા સુમણીયા, રમેશ હેરમાં, જે.કે. હાથિયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. - ધનવંત વાયડા

# માણસા બાર એસોશિયેશનના હોદ્દેદાર ચૂંટાયા



ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા બાર એશોસિયેશનની યોજાયેલ ચૂંટણીમાં પ્રમુખ પદે યોગેશભાઈ ઠાકોર તથા સહમંત્રી તરીં કેતુલ ડી પટેલ વિજેતા થતાં બંન્ને નવ નિયુક્ત હોદ્દેદારોને એસોશિયેશન સભ્યોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા. મૌનિક ઠાકર

# રેલ્લાવાડા ખાતે પ્રાકૃતિક કૃષિ સંમેલન યોજાયું

મેઘરજ તાલુકાના રેલ્લાવાળા માર્કેટયાર્ડ ખાતે આત્મા પ્રોજેક્ટ અરવલ્લી દ્વારા પ્રાકૃતિક ખેતી માટે પ્રાકૃતિક કૃષિ ખેડૂત સંમેલન કાર્યક્રમ મેઘરજ અને ભિલોડા તાલુકાના ૧૨૦૦ થી વધુ ખેડૂતોએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા.જેમાં અધ્યક્ષ તરીકે જિલ્લા પ્રમુખ પ્રિયંકાબેન ડામોર મુખ્ય મહેમાન ધારાસભ્ય પી.સી.બરંડા અતિથિ વિશેષ જયાબેન મનાત મેઘરજ આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર વિપુલભાઈ પરમાર અરવલ્લી જિલ્લા આત્મા પ્રચારક માલપુરના ભાવેશભાઈ પટેલ ના.ખે નિયામક આર.એસ પટેલ મેઘરજ આત્મા અલ્પેશભાઈ પટેલ ભિલોડાના બી.ટી.એમ કુલદીપભાઈ પટેલ તેમજ મોડાસા બિટીએમ જીતુભાઈ પંચાલ મનોજભાઈ,નીલાબેન મડિયા,કલ્પેશભાઈ પટેલ ભિલોડા ,દિનેશભાઈ મેઘરજ આત્મા ,.અનિલભાઈ સુવેરા વગેરેની હાજરીમાં અધ્યક્ષ દ્વારા દીપ પ્રગટાવીને ઉદ્ઘાટન કર્યું. પ્રાકૃતિક ખેતી જંક ફૂડ ખેતીને બગાડનાર રાસાયણિક ખાતરથી નુકશાન વિશે ખૂબ જ ભારપૂર્વક માલપુરના ભાવેશભાઈએ ચર્ચા કરી પ્રાસંગીક પ્રવચનમાં આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર વિપુલભાઈ પરમાર



,આર.એસ.પટેલ મનોજભાઈ અને લીબાભાઈ પાંડોર, ખુમાપુરના અશોકભાઈ પટેલ અને ધારાસભ્ય પી.સી બરંડા એ પ્રાકૃતિક કૃષિ ને મહત્વ આપવા સુંદર શિખામણ આપી હતી. આ પ્રસંગે બહેનો દ્વારા નાટક રૂપે પ્રાકૃતિક ખેતી નું મહત્વ સમજાવ્યું હતું. સુંદર કામગીરી કરનાર પ્રાકૃતિક ખેતીનો પ્રચાર કરનાર ફાર્મર માસ્ટર ટ્રેનર નું સર્ટિફિકેટ અને સાલથી સન્માન કરવામાં આવેલ. મેઘરજ ભિલોડા અને અરવલ્લી જિલ્લા ના આત્માના અધિકારી દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું.કાર્યક્રમનું સુંદર સંચાલન નિવૃત્ત શિક્ષક જયેન્દ્રભાઈ પંડ્યાએ સુંદર શૈલીમાં કર્યું. આભારવિધિ આર એસ પટેલ એ કરી બાદ તમામ સ્ટોલની મુલાકાત લીધી હતી.- અશોક પટેલ

# સુઈગામને અદ્યતન સુવિધાથી સજ્જ બસ સ્ટેન્ડની સુવિધા મળશે



બનાસકાંઠા જિલ્લાના સુઈગામ તાલુકાના સ્થાનિક પ્રજાજનોને આગામી દિવસમાં અદ્યતન સુવિધાથી સજ્જ બસ સ્ટેન્ડની સુવિધા ઉપલબ્ધ થનાર હોઈ તાલુકાના પ્રજાજનો,મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી છે.આ નવિન આકાર લઈ રહેલ નવિન બસ સ્ટેન્ડમાં મુસાફરો માટે વેઈટીગ હોલ,લાઈટ,પંખા,પીવાનું શુદ્ધ પાણી તેમજ બેસવા માટે આરામ દાયક બાંકડા સહિતની સુવિધાથી સજ્જ બસ સ્ટેન્ડ આકાર લઈ રહ્યું હોવાનું પાલનપુરના એસ ટી વિભાગના નિયામક કિરીટભાઈ ચૌધરી માહિતી આપતા જણાવ્યું હતું.-પ્રવિણ સુથાર

# લિમખેડા બાર એશોશેયનના હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા



લીમખેડા વકીલ મંડળની સામાન્ય સભામાં થયેલ ઠરાવ મુજબ પ્રમુખ પદ માટે વજેસિંહ બી.લબાના અને રૂપસિંગભાઈ.બી પટેલ દ્વારા ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા હતા.જેમાં પ્રમુખ પદના ઉમેદવાર વજેસિંહ બી.લબાનાએ પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લેતા રૂપસિંગભાઈ બી પટેલ પ્રમુખ તરીકે બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.લીમખેડા બાર એસોસિએશનનાં અન્ય હોદ્દેદારોમાં ઉપ પ્રમુખ તરીકે રાજેશભાઈ એલ ડામોર,સેક્રેટરી તરીકે સોમાભાઈ કે બારીઆ,સહ સેક્રેટરી તરીકે હીનાબેન સી મુનિયા તથા ખજાનચી તરીકે જશવંતસિંહ એલ બારીઆ ચુંટાયા હતા.ચૂંટાયેલ તમામ નવ તથા ચુંટાયેલા અન્ય તમામ હોદ્દેદારોને વકીલ મંડળના તમામ સભ્યો દ્વારા ખૂબ ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. વાદી બળવંતસિંહ

# નેત્રંગ બાર એસોશિયેશનના હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા



નેત્રંગ તાલુકા વકીલ બાર એસોસિયેશનની ચૂંટણીમાં સર્વાનુમતે નેત્રંગ તાલુકા વકીલ બાર એસોસિયેશન પ્રમુખ પદે હર્ષદકુમાર વ્યાસ,ઉપ પ્રમુખ પદે જસપાલસિંહ યાદવ,સેક્રેટરી પદે રવિભાઈ ગઢીયા,જોઈન્ટ સેક્રેટરી પદે ચિરાગસિંહ જાદવ,ખજાનચી પદે કૌશિકભાઈ વસાવા અને એલ.આર.પદે શીતલબેન વસાવાને વકિલ મિત્રોએ સમર્થન આપી નેત્રંગ તાલુકા વકીલ બાર એસોસિયેશનની ટીમની રચના કરાઈ.આ તબક્કે નવનિયુક્ત હોદ્દેદારોને સાથી વકિલમિત્રોએ ફૂલહાર પહેરાવી અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી- પ્રતિક પ્રજાપતિ

# લાખણી ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ



લાખણી તાલુકાના લિંબાઉ ખાતે લીબાઉ ડે ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન ઓપન ટુર્નામેન્ટ નો પ્રારંભ થતાં ૧૬ ટીમ વચ્ચે ટુર્નામેન્ટ યોજાશે.આજથી આ ટુર્નામેન્ટનો પ્રારંભ થતાં ટુર્નામેન્ટના આયોજકો,પ્રેક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ક્રિકેટ મેચ રમતા ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.- કિશોર દવે

# હવે બર્થ ડે,એનિવર્સરી,લગ્ન પ્રસંગને યાદગાર બનાવા માટે ટપાલ વિભાગની અનોખી પહેલ

આજકાલ દરેક વ્યક્તિ પોતાના જન્મદિન, લગ્ન, એનિવર્સરી અથવા નિવૃત્તિની ખાસ પળોને યાદગાર બનાવવાના માટે કંઈક અનોખું કરવું ઈચ્છે છે.પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે તમારા જીવનના આ મહત્વપૂર્ણ ક્ષણો પર ટપાલ ટિકિટ પણ બહાર પાડી શકાય છે? હા,હવે આ સંભવ છે.આ સંદર્ભમાં માહિતી આપતા સાબરકાંઠા પોસ્ટલ ડીવીઝન, હિંમતનગરના સુપ્રિટેંડેટ શ્રી સંજીવ કુમાર વર્માએ જણાવ્યું કે,ભારતીય ટપાલ વિભાગની ‘માય સ્ટેમ્પ‘ સેવા અંતર્ગત લોકોના જીવનના સુંદર પળોને સુંદર રીતે ટપાલ ટિકિટ પર સ્થાન આપવું શક્ય છે અને આ પળોને ટપાલ ટિકિટો દ્વારા હંમેશાં માટે યાદગાર બનાવવું પણ શક્ય છે. હિંમતનગર હેડ પોસ્ટ ઓફિસમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.સુપ્રિટેંડેટ શ્રી સંજીવ કુમાર વર્માએ જણાવ્યું કે, ૫ રૂપિયાની ટપાલ ટિકિટ પર નવજાત શિશુ, બર્થ ડે બોય અથવા બર્થ ડે ગર્લ,નવ વિવાહિત યુગલની સુંદર તસ્વીરો,એનિવર્સરીના ઉજવણીઓથી લઈને નિવૃત્તિ સુધીના પળોને માય સ્ટેમ્પ દ્વારા સજાવી શકાય છે. આ ટપાલ ટિકિટને દેશભરમાં કોઈપણ પત્રના આદાન પ્રદાન માટે ઉપયોગમાં લઈ શકાય છે. માત્ર ૩૦૦ના ખર્ચમાં ૧૨ ટપાલ ટિકિટોની એક શીટ બનાવી શકાય છે. હેપ્પી બર્થડે, હેપ્પી મેરેજ, હેપ્પી એનિવર્સરી અને હેપ્પી રિટાયરમેન્ટ ની થીમ પર માય સ્ટેમ્પની સીટ ઉપલબ્ધ છે.સુપ્રિટેંડેટ શ્રી સંજીવ કુમાર વર્માએ કહ્યું કે, આજની યુવા પેઢી સેલ્ફીની દીવાની છે. આ સેલ્ફી પર પણ ‘માય સ્ટેમ્પ‘ના માધ્યમથી ટપાલ ટિકિટ જારી કરી શકાય છે. માય સ્ટેમ્પને એક સુંદર ભેટ તરીકે પણ આપી શકાય છે. જો તમે કોઈને આદર સમ્માન આપો છો,તો પર્સનલાઈઝ્ડ માય સ્ટેમ્પ દ્વારા આ આદર સમ્માન દર્શાવી પણ શકો છો. પર્સનલાઈઝ્ડ કરેલ માય સ્ટેમ્પ પહેલ ખરીદદારોને સ્ટેમ્પ શીટમાં તેમના પોતાના ફોટોગ્રાફ્સ અથવા લોગો ઉમેરવાની મંજૂરી આપે છે જે યાદગાર પ્રસંગો/ઈવેન્ટ્સ સાથે વ્યક્તિગત જોડાણ ઓફર કરે છે.

-હિતેશ શાહ

# બાયડ બાર એસોશિયેશનના હોદ્દેદારો બિનહરીફ થયા



બાયડ બાર એસોસિએશનના નવા હોદ્દેદારોની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવતા પ્રમુખ તરીકે એડવોકેટ અતુલભાઇ એચ. પટેલ, ઉપપ્રમુખ તરીકે એન.ડી. સોનેરી, સેક્રેટરી પદે બી.જી. ચૌહાણ તેમજ ખજાનચી પદે ડી.જે. બારોટની વરણી કરવામાં આવતાં સાથી વકીલ મિત્રોએ નવ નિયુક્ત હોદ્દેદારોને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# કપડવંજ ખાતે બાળ લગ્ન અટકાવા સેમિનાર યોજાયો



દૃષ્ટિ સંસ્થા કપડવંજ દ્વારા કવાંટ ડોન બોસ્કો સ્કૂલમાં બાળ લગ્ન પર તાજેતરમાં સેમિનાર યોજાવામાં આવ્યો હતો આ સેમિનારમાં બાળકો નાની ઉંમરે લગ્નના કરે અને નાની ઉંમરમાં લગ્ન કરવાથી શું નુકશાન થાય છે તે બાબતે પણ માહિતી આપવામાં આવી હતી.બાળ લગ્ન થતાં અટકાવવા બાળકોની હેલ્પ લાઈન ૧૦૯૮ પર પણ ફોન કરીને માહિતી આપવા સંસ્થાના જિલ્લા કો-ઓડીનેટર દિનેશ પરમારે જણાવ્યું હતું.- પ્રણવ પટેલ

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697